ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

વહીવટી તંત્ર યુદ્ધના ધોરણે સજ્જ | કલેક્ટરની અધ્યક્ષતામાં આપત્તિ વ્યવસ્થાપન બેઠક યોજાઈ

આણંદમાં ભારે વરસાદની આગાહીથી 'રેડ એલર્ટ'

નીચાણવાળા વિસ્તારોમાં ત્વરિત સ્થળાંતર અને અધિકારીઓની તમામ રજાઓ રદ કરવાના આદેશ

(પ્રતિનિધિ) આણંદ તા.૩૦

આણંદ જિલ્લામાં ૩૧મી જુલાઇ અને ૦૧ લી, ઓગષ્ટ દરમિયાન અત્યંત અતિભારે વરસાદની આગાહી ભારતીય હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આણંદ જિલ્લો હાલ રેડ એલર્ટ હેઠળ હોવાથી જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીએ તાકીદની બેઠક યોજી તમામ વિભાગોને સંપૂર્ણ સજ્જ રહેવા આદેશ આપ્યા છે.

આ અંગે કલેક્ટર પ્રવિણ ચૌધરીએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં અચાનક પૂર, નદીઓમાં જળસ્તર વધવા અને આવશ્યક સેવાઓમાં વિક્ષેપ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. આથી, નદી કિનારા અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોનું તાત્કાલિક સ્થળાંતર શરૂ કરવા સૂચના આપવામાં આવી છે. પૂરની સ્થિતિમાં પશુધનને સુરક્ષિત સ્થળોએ ખસેડવા અને રાહત આશ્રયસ્થાનોમાં ભોજન, પાણી તથા તબીબી સુવિધાઓ સુનિશ્ચિત કરવા જણાવાયું છે.

આથી, બચાવ કામગીરી માટે બોટ, NDRF/SDRF ની ટીમો, જનરેટર અને પંપ જેવા સાધનો તૈનાત કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત, જોખમી હોર્ડિંગ્સ અને વૃક્ષોની ડાળીઓ દૂર કરવા તેમજ પાણી ભરાતા રસ્તાઓ તાત્કાલિક બંધ કરવા સૂચના અપાઈ છે. આ પરિસ્થિતિની ગંભીરતા જોતા જિલ્લાના તમામ અધિકારીઓની રજાઓ રદ કરવામાં આવી છે અને તેઓને મુખ્ય મથક પર હાજર રહેવા તાકીદ કરાઈ છે. જિલ્લા તથા તાલુકા કક્ષાના કંટ્રોલ રૂમ હવે ૨૪x૭ કાર્યરત રહેશે.

આણંદ જિલ્લામાં ભારે વરસાદના વર્તારાના પગલે તંત્ર જાન - માલનું નુકશાન અટકાવવા શક્ય તેટલા પગલાં ભરવા તૈયારી હાથ ધરી છે.

નદી કાંઠાના ૩૯ ગામો એલર્ટ પર, સાયરનનું ટેસ્ટિંગ કરાશે

મહીસાગર નદીના ઉપરવાસમાં ભારે વરસાદની શક્યતાને જોતા કાંઠાના ૨૬ ગામો અને સાબરમતી નદીના કાંઠાના ૧૩ ગામો મળી કુલ ૩૯ ગામો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. કટોકટીના સમયે લોકોને ચેતવી શકાય તે માટે આ ગામોમાં લગાવવામાં આવેલી ડિઝાસ્ટર મેનેજમેન્ટની સાયરનનું સાંજે ટેસ્ટિંગ પણ કરવામાં આવ્યું હતું. નીચાણવાળા વિસ્તારો માટે આશ્રય સ્થાનો તૈયાર કલેક્ટરે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સતર્ક રહેવા અપીલ કરી છે. આ વિસ્તારોના લોકો માટે સલામત આશ્રય સ્થાનો તૈયાર રાખવા મામલતદાર અને ટીડીઓને આદેશ આપવામાં આવ્યા છે.

આણંદ જિલ્લામાં શુક્રવારે તમામ શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર

હવામાન વિભાગ દ્વારા ૩૧મી જુલાઈના રોજ ભારે વરસાદની આગાહીને પગલે આણંદ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા સાવચેતીના ભાગરૂપે શૈક્ષણિક કાર્ય બંધ રાખવા આદેશ અપાયો છે. આ જાહેરનામા હેઠળ જિલ્લાની તમામ આંગણવાડીઓ, પ્રાથમિક-માધ્યમિક શાળાઓ, આઈ.ટી.આઈ. અને કોલેજોમાં શુક્રવારે શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે બંધ રહેશે. જિલ્લાના તમામ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી સરકારી તેમજ ખાનગી શૈક્ષણિક સંસ્થાઓને આ હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ સરકારી આદેશનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ કે સંસ્થા સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

પશુપાલકો અને નાગરિકો માટે સલામતીની માર્ગદર્શિકા

વહીવટી તંત્રએ પશુપાલકોને અપીલ કરી છે કે પાણી ભરાવવાની સ્થિતિમાં પશુઓ પોતાનો બચાવ કરી શકે તે માટે તેમને બાંધી રાખવાને બદલે છૂટા રાખવા. આ ઉપરાંત, ભારે પવનની આગાહી હોવાથી લોકોને જર્જરિત મકાનો, મોટા હોર્ડિંગ્સ કે નમી ગયેલા વૃક્ષોથી દૂર રહેવા અને નદી-તળાવ જેવા જળાશયો પાસે ન જવા ચેતવણી આપવામાં આવી છે.

અધિકારીઓને હેડક્વાર્ટર ન છોડવા અને કર્મીઓની રજાઓ રદ

આણંદ - ખેડા જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપનની કામગીરીને અગ્રતા આપતા જિલ્લાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી છે. તમામ ક્લાસ-૧ લાઈઝન ઓફિસરોને ફરજ પરના તાલુકા મથકે હાજર રહેવા જણાવાયું છે. વહીવટી તંત્ર દ્વારા સતર્ક રહીએ, સુરક્ષિત રહીએ ના મંત્ર સાથે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

આણંદ જિલ્લા પંચાયતમાં પ્રમુખપદ જાળવી રાખવા ભાજપનો 'પ્લાન સી' સુપરહિટ

પાળજની પેટાચૂંટણીમાં કોંગ્રેસના સુપડા સાફ

ભાજપના ઉમેદવાર સુમિત્રા પટેલનો ૫૭૧૭ મતોથી ભવ્ય વિજય

કોંગ્રેસને મળેલા કુલ મતો કરતા ભાજપની લીડ વધુ, 'આપ'ની ડિપોઝીટ ડૂલ

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૩૦

આણંદ જિલ્લા પંચાયતની પાળજ બેઠક માટે પેટા ચુંટણી યોજાઈ હતી. ગત તા.28મી એ મતદાન બાદ આજરોજ મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ભાજપની ભવ્ય જીત સાથે બેઠક જાળવી રાખી છે. ઉપરાંત આ બેઠક ઉપર કોંગ્રેસને મળેલા મત કરતા ભાજપને જીતની લીડ વધારે મળી છે.

આણંદ જિલ્લા પંચાયતની 40 બેઠકો માટે સામાન્ય ચુંટણી ફેબ્રુઆરી 2026માં યોજાઈ હતી. જેમાં ભાજપને 33 અને કોંગ્રેસને માત્ર 7 બેઠકો મળી હતી. પરંતુ પ્રમુખ પદ માટે અનુસૂચિત આદિજાતીની હાડગુડ બેઠક ભાજપ હારી ગયું હતું. જેથી 33 બેઠકો મળવા છતાં ભાજપ સત્તાથી વિમુખ રહે તેવી સ્થિતી સર્જાઈ હતી. પરંતુ પ્રમુખ પદની ચુંટણીમાં ભાજપ કાયદાકીય લડત બાદ સારસા બેઠકના ઉમેદવાર મયૂરીબેન પટેલને જીતાડવામાં સફળ થયા હતા. આમછતાં લડત કોંગ્રેસ તરફથી ચાલુ હોવાના કારણે ભાજપની ઉંઘ ઉડી ગઈ હતી. જેથી ભાજપ દ્વારા પાળજ બેઠક ઉપરથી બિનહરીફ થયેલા પ્રદિપ પટેલને રાજીનામું અપાવી બેઠક ખાલી કરાવવા પ્લાન સી અમલમાં લાવ્યા હતા.

આણંદ જિલ્લા પંચાયતની પાળજ બેઠક ઉપર પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં કુલ 25027 પૈકી 14745નું મતદાન 28મી જુલાઈના રોજ થયું હતું. જેની મતગણતરી આજરોજ થઈ હતી. જેમાં ભાજપના ઉમેદવાર સુમિત્રા પટેલને સૌથી વધુ 10,021 મત મળતાં ભવ્ય વિજય થયો હતો. જ્યારે કોંગ્રેસના જેસંગભાઈ પરમારને 4304 અને આમ આદમી પાર્ટીના આયાતી ઉમેદવાર અલ્પેશ પઢીયારને માત્ર 239 મત મળ્યા હતા. આ પેટા ચૂંટણીમાં આપના ઉમેદવારની ડિપોઝીટ ડૂલ થઈ ગઈ હતી. જ્યારે ભાજપને મળેલ જીતની લીડ 5717 કરતા પણ ઓછા કોંગ્રેસને 4304 મત મળ્યા હતા. આમ આણંદ જીલ્લા પંચાયતમાં પ્રમુખ પદ સહિતની સત્તા હેમખેમ સલામત રહી હોવાની ચર્ચાઓ ભાજપ છાવણીમાં ચર્ચાસ્પદ બની હતી.

ફાગવેલ તાલુકા પંચાયતની ચીખલોડ સીટની પેટા ચૂંટણીમાં કોંગ્રેસનો જવલંત વિજય

ફાગવેલ તાલુકા પંચાયતની પેટા ચૂંટણી સોમવારે યોજાઈ ગઈ હતી. જેમાં 68.20 ટકા મતદાન નોંધાયું હતું ચીખલોડ સીટમાં 2387 મતદારો છે, ચીખલોડ પેટા ચૂંટણીમાં જાહેર થયેલા પરિણામોમાં કોંગ્રેસના ઉમેદવાર સોનલબેન સુરેશભાઈ પરમારે 1176 મત મેળવ્યા હતા. જ્યારે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર હિરલબેન સચિનકુમાર રાઠોડ 420 મત મેળવ્યા હતા. આમ કોંગ્રેસના ઉમેદવાર સોનલબેન પરમારે 756 મતે વિજય મેળવ્યો હતો આ બેઠકમાં 32 મતો નોટાના પડ્યાં હતાં.

ખેડા જિલ્લામાં 'મેઘ-આફત' સામે વહીવટી તંત્રનું સુરક્ષા કવચ

માતર-ખેડા પંથકના નીચાણવાળા વિસ્તારોમાં બોટ તૈનાત કરાઈ

ઓરેન્જ એલર્ટના પગલે કલેક્ટરની અધ્યક્ષતામાં હાઈ-લેવલ મીટિંગ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૦

ખેડા જિલ્લામાં આગામી બે દિવસ દરમિયાન હવામાન વિભાગ દ્વારા ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. સંભવિત પૂર અને તોફાની પવનની પરિસ્થિતિમાં જાન-માલનું નુકસાન અટકાવવા કલેક્ટર એન. વી. ઉપાધ્યાય દ્વારા તમામ વિભાગોને યુદ્ધના ધોરણે સજ્જ રહેવા સૂચના આપી દેવામાં આવી છે. વિદ્યાર્થીઓની સલામતીને સર્વોપરી ગણીને જિલ્લાની તમામ આંગણવાડીઓ, સરકારી-ખાનગી શાળાઓ, આઈટીઆઈ અને કોલેજોમાં બે દિવસ માટે શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

ખેડા અને માતર પંથકના નીચાણવાળા ગામો, જ્યાં પૂરની અસર વધુ થાય છે, ત્યાં વહીવટી તંત્ર દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવી છે. આ વિસ્તારોમાં લાઈફ જેકેટ અને વિશેષ બોટ સાથે મેનપાવર તૈયાર રખાયો છે. જો સ્થળાંતર કરવાની જરૂર પડે, તો આશ્રયસ્થાનોમાં પીવાનું પાણી, ભોજન, વીજળી અને શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓ પહેલેથી જ સુનિશ્ચિત કરવામાં આવી છે.

રસિકપુરામાં પ્રાંત અધિકારીએ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી

સાબરમતી નદીના કિનારે આવેલા રસિકપુરા ગામમાં પ્રાંત અધિકારી સૂરજ બારોટે વરસાદી પરિસ્થિતિને ધ્યાને લઈ વહીવટી તંત્રની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી હતી. સ્થળાંતરની જરૂર પડે તો લોકો માટે ભોજન, પાણી અને રહેવાની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે, જે અંગે ગ્રામજનોને સહયોગ આપવા અપીલ કરાઈ છે. પશુપાલકોને નદી કિનારે ન જવા અને ગ્રામજનોને અફવાઓથી દૂર રહી તંત્રની અધિકૃત સૂચનાઓનું પાલન કરવા ખાસ તાકીદ કરવામાં આવી છે. આ બેઠકમાં પોલીસ, SDRF ના જવાનો અને સ્થાનિક આગેવાનોની ઉપસ્થિતિમાં ગામના યુવાનોએ પણ આપત્તિના સમયે પૂરતો સહયોગ આપવાની ખાતરી આપી હતી. આ પ્રસંગે ખેડા તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિક પટેલ, નાયબ પોલીસ અધિક્ષક કૃણાલ રાઠોડ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, ખેડા મામલતદાર, રસિકપુરા સરપંચ વિગેરે સાથે ચર્ચા કરી હતી.

કરમસદ - આણંદ મનપાના કોર્પોરેટર અલ્પેશ પઢીયારનો મ્યુનિસિપલ કમિશનરને વેધક પત્ર

વિદ્યાનગર-બાકરોલમાં મનપાની બેદરકારીથી જળબંબાકાર થયો !

ડ્રેનેજની ટેકનિકલ ભૂલો અને દબાણો દૂર કરવા તાકીદ

(પ્રતિનિધિ) આણંદ તા.૩૦

આણંદ શહેરમાં પડેલા ભારે વરસાદે કરમસદ-આણંદ મનપાના પ્રિ-મોન્સૂન પ્લાનિંગની પોલ ખોલી નાખી છે. વિદ્યાનગર અને બાકરોલ વિસ્તારમાં સર્જાયેલી પૂર જેવી ગંભીર સ્થિતિ પાછળ માત્ર કુદરતી વરસાદ જવાબદાર નથી, પરંતુ વહીવટી તંત્રની ઘોર બેદરકારી અને આયોજનની ખામીઓ જવાબદાર હોવાનો ગંભીર આક્ષેપ સ્થાનિક કોર્પોરેટર અલ્પેશ પઢીયારે કર્યો છે. મેયર અને મ્યુનિસિપલ કમિશનરને લખેલા પત્રમાં તેમણે જણાવ્યું છે કે, વિકાસકામોમાં થયેલી ટેકનિકલ ભૂલોને કારણે હજારો નાગરિકોએ ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

આણંદના બાકરોલ વિસ્તારના વોર્ડ નં. ૧ અને ૨ માં ડેડ કેનલ ઉપર બનાવવામાં આવેલા નવા માર્ગને કારણે ૨૫થી ૩૦ સોસાયટીઓ પાણીમાં ગરકાવ થઈ ગઈ છે. આ માર્ગ સોસાયટીઓના લેવલ કરતા ઘણો ઊંચો બનાવવામાં આવ્યો છે અને વરસાદી પાણીના નિકાલ માટે કોઈ જ વ્યવસ્થા કરવામાં આવી નથી. ધોળાકૂવા અને માળી વિસ્તારથી લઈને બાકરોલ ગેટ સુધી પાણી ભરાવવાનું મુખ્ય કારણ આ અવૈજ્ઞાનિક માર્ગ નિર્માણ છે.

કોર્પોરેટર અલ્પેશ પઢીયારે ચીમકી ઉચ્ચારી છે કે, જો આ દબાણો દૂર કરી, અધૂરા કામો યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં નહીં આવે તો આગામી વરસાદમાં નાગરિકોની જાન-માલને મોટું નુકસાન થઈ શકે છે. 'આપત્તિ આવ્યા પછી પગલાં ભરવા કરતા, આપત્તિ આવે તે પહેલાં યોગ્ય આયોજન કરવું હિતાવહ છે.' તેમ જણાવી તેમણે તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કરી કાયમી ઉકેલ લાવવા માંગ કરી છે.

પાણી ભરાવવાના ૪ મુખ્ય કારણો

- **ધીમી ગતિએ ચાલતું કામઃ** બાકરોલથી તળાવ તરફ જતા રસ્તા પર ગરનાળાનું કામ ગોકળગાયની ગતિએ ચાલે છે, જેનાથી કુદરતી કાંસનો પ્રવાહ અવરોધાયો છે.
- **એન્જિનિયરિંગની ગંભીર ભૂલઃ** જીસેટ કોલેજ અને ઇસ્કોન મંદિર પાસે લેવલનો અભ્યાસ કર્યા વગર જ ઊંચાઈ પર ડ્રેનેજ ચેમ્બરના ઢાંકણા બેસાડી દેવાતા ૨૭ થી વધુ સોસાયટીઓ ગરકાવ થઈ છે.
- **સંસ્થાઓ દ્વારા દબાણઃ** આત્મીય વિદ્યાધામ દ્વારા કુદરતી કાંસને અત્યંત સાંકડો કરી દેવામાં આવ્યો છે અને મુખ્ય માર્ગ પર દબાણ ઉભું કરાતા કરમસદ તળાવ તરફ જતું પાણી અટકી ગયું છે.
- **અવૈજ્ઞાનિક રોડ નિર્માણઃ** ડેડ કેનલ પરના નવા ઊંચા રસ્તાઓએ સ્ટોર્મ વોટર ડ્રેનેજના અભાવે સોસાયટીઓમાં પાણી ઘુસ્યાં છે.

નડિયાદ શહેરની હોટલના રસોડામાં ભીષણ આગ

રસોડાની ચીમનીમાં અચાનક લાગેલી આગને કારણે અફરાતફરી મચી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૦

નડિયાદ શહેરના વ્યસ્ત ગણાતા કિડની સર્કલ વિસ્તારમાં આવેલી એક ખાનગી હોટલના રસોડામાં આજે બપોરે અચાનક આગ ભભૂકી ઉઠતા નાસભાગ મચી ગઈ હતી. નડિયાદ-પેટલાદ રોડ પર આવેલી આ જાણીતી હોટલમાં રોજિંદી રસોઈ બનાવવાની કામગીરી ચાલી રહી હતી, તે દરમિયાન અગમ્ય કારણોસર રસોડાની ચીમનીમાં આગ લાગી હતી. જોતજોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ચીમનીમાંથી ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઉડવા લાગ્યા હતા, જેને પગલે હોટલ સંકુલ અને આસપાસના વિસ્તારમાં ગભરાટનો માહોલ સર્જાયો હતો.

આ ઘટના અંગે હોટલ સંચાલકો દ્વારા તુરંત નડિયાદ મહાનગરપાલિકાના ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડનો કાફલો જરૂરી સાધન સામગ્રી સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને હોટલની અંદર પ્રવેશ કરી ચીમની તરફ પાણીનો મારો ચલાવી આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

ફાયર કર્મચારીઓની સમયસૂચકતાને કારણે આગ હોટલના અન્ય ભાગોમાં પ્રસરે તે પહેલા જ તેના પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. આ દુર્ઘટનામાં ગણતરીના સમયમાં આગ પર નિયંત્રણ મેળવી લેવાતા મોટી જાનહાની કે કોઈને ઈજા થઈ નથી, જેનાથી હોટલ સંચાલકો અને સ્થાનિક વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

આણંદમાં રોગચાળા પહેલા જ ૮૯૨ ટીમ મેદાનમાં ઉતારવામાં આવી

કલેક્ટર અને ડીડીઓના સીધા માર્ગદર્શન હેઠળ ૧.૯૯ લાખની વસ્તીનો સર્વે

(પ્રતિનિધિ) આણંદ તા.૩૦

આણંદ જિલ્લામાં મેઘરાજાએ વિરામ લેતા જ હવે ગંદકી અને ભરાયેલા પાણીના કારણે પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળો માથું ન ઉચકે તે માટે જિલ્લા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. કલેક્ટર પ્રવીણ ચૌધરી અને જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતીની કડક સૂચના બાદ આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર જિલ્લામાં યુદ્ધના ધોરણે અટકાયતી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

આણંદ અને કરમસદ-આણંદ કોર્પોરેશન વિસ્તાર સહિત સમગ્ર જિલ્લામાં કુલ ૮૯૨ જેટલી આરોગ્યની ટીમ ઉતારી દેવામાં આવી છે. આ ટીમોએ અત્યાર સુધીમાં ૧.૯૯ લાખથી વધુ વસ્તીને સર્વેમાં આવરી લીધી છે. આ કામગીરી દરમિયાન ૨૭ જેટલા મેડિકલ કેમ્પ યોજીને ૭૭૮ દર્દીઓની સ્થળ પર જ તપાસ કરવામાં આવી હતી. તંત્રએ માત્ર સર્વે જ

નથી કર્યો, પરંતુ ૧ લાખથી વધુ પાત્રોની તપાસ કરી મચ્છરના પોરાનો નાશ કરવાની 'એન્ટી-લાર્વલ' કામગીરી પણ હાથ ધરી છે.

આરોગ્ય કર્મીઓ દ્વારા જરૂરિયાતવાળા વિસ્તારોમાં ઘરે-ઘરે જઈને ક્લોરીન ટેબ્લેટ, ORS પેકેટ અને ઝીંકની ગોળીઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, તાવના દર્દીઓના લોહીના નમૂના લઈ તપાસ કરવાની સાથે ઝાડા-ઉલ્ટીના લક્ષણો ધરાવતા દર્દીઓને સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપી રોગચાળાને ફેલાતો અટકાવવા માટે તંત્રએ કમર કસી છે.

મેલેરિયા-ડેન્ગ્યુને નાથવા થર્મસ ફોગિંગ કરાયું

આરોગ્ય વિભાગ દ્વારા ઘેર-ઘેર ફોગિંગ અને ચેકિંગ વાહકજન્ય રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાને ડામવા માટે આરોગ્ય ટીમો ઘેર-ઘેર ફરી રહી છે. ઘરની અંદર કુંડા, ફ્રીજની ટ્રે, ટાયર કે ભંગારમાં ભરાયેલા પાણીનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. નીચાણવાળા અને સંવેદનશીલ વિસ્તારોમાં થર્મલ ફોગિંગ અને દવા છંટકાવ કરીને મચ્છરોના ઉપદ્રવને ખાળવા આક્રમક પ્રયાસો શરૂ કરાયા છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225